# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **વિધાનસભાની પેટાચૂંટણીમાં કડી બેઠક પર સરેરાશ 58 અને વિસાવદર બેઠક પર 57 ટકા મતદાન નોંધાયું.**
2. **અમદાવાદ વિમાન દુર્ઘટનાના 217 મૃતકોના DNA નમૂના મૅચ થયા, 199 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપાયા.**
3. **જીકાસ પૉર્ટલ પર પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં ગુજરાત યુનિવર્સિટીમાં 16 હજાર 171 વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો.**
4. **દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં આજે ગાજવીજ સાથે મધ્યમ વરસાદની આગાહી.**
5. **રાજ્યમાં આજે સવારે ચાર વાગ્યા સુધીમાં 99 તાલુકામાં વરસાદ.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# KADI VISAVADAR BYE ELECTION

મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ગઈકાલે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું. સત્તાવાર યાદી મુજબ, કડી બેઠક પર સરેરાશ 58 ટકા અને વિસાવદર બેઠક પર સરેરાશ 57 ટકા મતદાન નોંધાયું. બંને બેઠકના મતવિસ્તારમાં કુલ **588** મતદાન મથક પર મતદાન થયું. કેન્દ્રીય ચૂંટણી પંચની એક નવી પહેલના ભાગરૂપે મતદાનમથકના પ્રિસાઈડિંગ અધિકારીઓ દ્વારા **ECINET** એપ પર મતદાનના આંકડા અપલોડ કરાયા છે.

**(V/C- SANJIV MEHTA, PTC, JUNAGADH)**

# PATAN GRAM PANCHAYAT

રાજ્યમાં આ રવિવારે ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે. ત્યારે પાટણમાં જિલ્લા તંત્ર દ્વારા ચૂંટણીલક્ષી તમામ તૈયારીઓ કરવામાં આવી છે. જિલ્લામાં 94 સરપંચ તથા એક હજાર 960 સભ્ય બિનહરીફ થયા છે. એટલે હવે, ગ્રામ પંચાયતના સરપંચ માટેના 625 ઉમેદવાર અને વૉર્ડ સભ્યના એક હજાર 225 ઉમેદવાર માટે ચૂંટણી યોજાશે. ત્યારે ચૂંટણીને અનુલક્ષીને ગામડામાં પ્રચારનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

પાટણ જિલ્લામાં 380 ગ્રામ પંચાયતમાંથી 70 ગ્રામ પંચાયત સંપૂર્ણ બિનહરીફ એટલે કે, સમરસ બની છે. જ્યારે 78 ગ્રામ પંચાયત અંશત: બિનહરીફ

બની છે. બાકીની કુલ 232 ગ્રામ પંચાયત કે, જેમાં 224 સરપંચની બેઠક માટે તથા 563 વૉર્ડ સભ્યોની બેઠક માટે હવે મતદાન થશે.

અમદાવાદ જિલ્લામાં પણ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે વહીવટી તંત્ર દ્વારા સઘન આયોજન કરાયું છે. જિલ્લાની ઓગણ સાઈઠ ગ્રામ પંચાયતમાં સરપંચની 53 બેઠક અને 152 વૉર્ડના સભ્ય માટે ચૂંટણી યોજાશે. જિલ્લામાં કુલ 125 મતદાન મથક પર મતદાન થશે. અમદાવાદ જિલ્લામાં કુલ એક લાખ 13 હજાર 761 મતદારો નોંધાયા છે. આ ચુંટણી માટેની મત ગણતરી 25મી તારીખે હાથ ધરાશે.

## DNA MATCHING UPDATE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 217 મૃતકોના **DNA** નમૂના મૅચ થયા છે. જ્યારે અત્યાર સુધી 199 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી. તેમણે કહ્યું, બાકી રહેલા નશ્વર અવશેષો ટૂંક સમયમાં સોંપવામાં આવશે.

સિવિલ હોસ્પિટલના સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર રાકેશ જોષીએ ગઈકાલે જણાવ્યું, અત્યાર સુધી જેમના પાર્થિવ શરીર સ્વજનોને સોંપાયા છે. તેમાં 149 ભારતીય, 32 બ્રિટિશ, સાત પોર્ટુગીઝ, એક કેનેડિયન અને નવ અન્ય સ્થાનિકોનો સમાવેશ થાય છે. જ્યારે 15 જેટલા પાર્થિવ દેહને હવાઈ માર્ગે, 183 જેટલા પાર્થિવ દેહને સડક માર્ગે તેમના નિવાસસ્થાને પહોંચાડાયા.

આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવા આજે ગાંધીનગરમાં પ્રાર્થના સભા યોજાશે. ભારતીય જનતા પાર્ટીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું, કોબામાં પક્ષના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે સાંજે ચાર-થી સાત વાગ્યા સુધી આ પ્રાર્થના સભા યોજાશે.

## BANASKANTHA PRARTHANA SABHA

બનાસકાંઠામાં ગઈકાલે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. પાલનપુર જિલ્લા ભાજપ કાર્યાલય બનાસ કામલમ્ ખાતે યોજાયેલી પ્રાર્થના સભામાં સ્વર્ગીય વિજય રૂપાણી અને અમદાવાદ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા અન્ય દિવંગતોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી. ભાવનગરમાં પણ ભારતીય જનતા પાર્ટી દ્વારા શ્રદ્ધાંજલિ સભા યોજાઈ, જેમાં સ્વર્ગીય વિજય રૂપાણી સહિત વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ.

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

...................................

# GCAS ADMISSION

રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરાયેલા ગુજરાત સામાન્ય પ્રવેશ પ્રક્રિયા – જીકાસ પૉર્ટલના માધ્યમથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વિશ્વ-વિદ્યાલયમાં પ્રવેશ માટે એક સાથે અરજી કરી શકાય છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યમાં સ્નાતક કક્ષાએ અભ્યાસક્રમમાં પ્રવેશના પ્રથમ તબક્કા અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીના વિવિધ કાર્યક્રમ માટે 56 હજાર પાંચ વિદ્યાર્થીઓએ પસંદગી આપી. તેમાંથી 16 હજાર 171 વિદ્યાર્થીઓએ પ્રવેશ સ્વીકાર્યો છે.

જ્યારે ખાનગી વિશ્વ-વિદ્યાલયમાં આ વર્ષે ત્રણ લાખ 15 હજાર 791 વિદ્યાર્થીએ અત્યાર સુધી જીકાસ પૉર્ટલ પર તેમની અરજીની ખરાઈ કરાવી. તેમાંથી એક લાખ 26 હજાર 693 વિદ્યાર્થીઓએ પ્રવેશ સ્વીકાર્યો છે. હવે બાકી રહેલા એક લાખ નેવ્યાસી હજાર 98 વિદ્યાર્થીઓ માટે પ્રવેશનો આગામી તબક્કો આવતીકાલે શનિવારથી શરૂ થશે. જ્યારે પ્રવેશ કાર્યવાહી ત્રણ જુલાઈ સુધીમાં પૂર્ણ કરાશે.

# STATE WEATHER

હવામાન વિભાગે ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં આજે ગાજવીજ સાથે મધ્યમ વરસાદને લઈ યલો અલર્ટ જાહેર કર્યું છે. દરમિયાન આજે અને આવતીકાલે અતિભારે વરસાદની આગાહી નથી, પરંતુ 22થી 25 જૂન ફરીથી રાજ્યમાં અતિભારે વરસાદની સંભાવના છે. જ્યારે માછીમારોને આગામી સાત દિવસ દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

# RAIN DATA

રાજ્યમાં ગઈકાલે સવારે છ-થી આજે સવારે ચાર વાગ્યા સુધીમાં 99 તાલુકામાં વરસાદ નોંધાયો. સત્તાવાર યાદી મુજબ, સૌથી વધુ સાંત ઈંચ જેટલો વરસાદ વલસાડના વાપી તાલુકામાં વરસ્યો છે. જ્યારે વલસાડના પારડી, કપરાડા, ધરમપુર, ઉમરગામ, નવસારીના ખેરગામ અને ભરૂચના હાંસોટમાં ચારથી સવા પાંચ ઈંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે.

ભાવનગરના ભાલ વિસ્તારના અસરગ્રસ્ત ગામમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. ત્યારે ગઈકાલે કલેક્ટર કચેરી ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ, જેમાં વરસાદી પાણીના નિરાકરણ

લાવવા તાત્કાલિક અને લાંબા ગાળા માટે લેવાનારા પગલાં અને સમસ્યાઓના કાયમી નિકાલ અંગે સુશ્રી બાંભણિયાએ માર્ગદર્શન આપ્યું. રાજકોટ જિલ્લામાં 22 જૂન સુધી મધ્યથી ભારે વરસાદની શક્યતા છે. આ સમયગાળા દરમિયાન તાપમાન 28થી 30 ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે.

# YOGA OVERALL

રાજ્યભરમાં આવતીકાલે 11-મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે. ત્યારે રાજ્યકક્ષાનો યોગ દિવસ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડનગર ખાતે ઉજવાશે. આ વર્ષે રાજ્યભરમાંથી અંદાજે એક કરોડ 50 લાખથી વધુ નાગરિકોની સહભાગીતાથી યોગ દિવસ ઉજવવાનો લક્ષ્યાંક છે. વડનગરના સર્મિષ્ઠા તળાવ ખાતે ભુજંગાસનમાં નવો વિશ્વ વિક્રમ બનાવવાનો પણ રાજ્યનો લક્ષ્યાંક છે.

કચ્છમાં જિલ્લા અને તાલુકાકક્ષાની ઉજવણીને લઈ જિલ્લા કલેક્ટર આનંદ પટેલની અધ્યક્ષતામાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ તેમજ જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ, જિલ્લા-કક્ષાનો યોગ દિવસ જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતામાં સ્મૃતિવન ખાતે ઉજવાશે.

(બાઈટઃ આનંદ પટેલ, કલેક્ટર)

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં રાજકોટમાં જિલ્લાકક્ષાના યોગ દિવસની ઉજવણી કરાશે. અમદાવાદ જિલ્લામાં અંદાજે સવા

ત્રણ લાખ લોકો યોગ કરશે. જિલ્લામાં એક હજાર 464 સ્થળ પર યોગ દિવસ ઉજવશે. ગીરસોમનાથ જિલ્લામાં  સોમનાથ મંદિર પરિસર પાસે ચોપાટી મેદાન ખાતે યોગ દિવસ'ની જિલ્લાકક્ષાની ઉજવણી કરાશે. જ્યારે જામનગર જિલ્લાકક્ષાની ઉજવણી મંત્રી મુળૂભાઈ બેરાની ઉપસ્થિતિમાં યોજાશે

---------------------------------------------------------------------------------